જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૭/૬/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૩૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૦ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૦૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૮/૧૫**

**મેઘાણીનગર** : સિયારામ નેપાલસિંગ તોમર (રહે.સ્વીટીપાર્ક સોસાયટી અંબિકાનગર ઓઢવ) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી રીમાબહેન કુલદીપસિંહ ચૌહાણ (ઉ.વ.૨૮)(રહે.શ્યામનગર, સુબાલાલની ચાલી, ભગવતી સ્કુલની સામે, મેઘાણીનગર) એ તેના સાસરીયાના માનસીક તેમજ શારીરીક ત્રાસના લીધે સાસરીમાં તા.૧૫/૬/૧૫ નાં કલાક ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “જી” ડીવીઝન ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૧૩૯/૧૫**

**રામોલઃ** સિનોદ પરદેશભાઈ જયસ્વાલ (રહે.જનતાનગર રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સોનુ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ સિનોદભાઈની બોલેરો ગાડી ભાડેથી લઈ જવા તા.૧૫/૬/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર રામોલ જનતાનગર મણીયમ મસ્જીદ નજીક બોલાવી બોલેરો ગાડી નંબર જીજે ૨૭ વી ૨૪૫૪, રોકડ રૂપિયા ૩,૦૦૦/- અને મોબાઈલ ફોન લઈ પલાયન થઈ જતા સિનોદ જયસ્વાલ સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એ દેસાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શહેરકોટડાઃ** શ્યામલાલ ઠાકોરદાસ રોહરા (રહે.કવરરામ સોસાયટી જુના ઢોર બજાર બહાર કાંકરીયા મણીનગર) એ તા.૧૬/૬/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી કિશોર લચ્છુમલ આસવાની (રહે. અનમોલ એપાર્ટમેન્ટ માધવ પાનવાળાની બાજુમાં જુનાગઢ) તા.૨૮/૪/૧૫ થી તા.૨૯/૫/૧૫ દરમ્યાન જુદાં જુદાં સમયે નરોડા ફ્રુટ માર્કેટ ખાતેથી ફ્રુટ તથા કેરેટ કિમત રૂપિયા ૧૧,૦૦,૯૫૯/- તથા બીજા ૨૮ વેપારીયોના રૂપિયા ૭૬,૮૬,૮૮૯/- નો માલ ઉધારમાં લઈ જઈ આજદીન સુધી માલના નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૦/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** ઉષાબહેન પ્રશાંતકુમાર રાવળ (રહે.શ્રી રત્ન એપાર્ટમેન્ટ સુરધારા સર્કલ પાસે થલતેજ) તા.૧૬/૬/૧૫ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે સુરધારા સર્કલ પાસે આલોક બંગલોઝના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉષાબહેન રાવળે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ કે શ્રીમાળી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૧/૧૫**

**વટવાઃ** વિપુલકુમાર દશરથભાઈ પટેલ (રહે.વૃંદાવન સોસાયટી સેવાલીયા બજાર તાલુકો ઠાસરા જીલ્લો મહીસાગર) એ તા.૧૧/૬/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ભમ્મરીયા કુવા રાલસન ટાયર કંપાઉન્ડ કૃષ્ણ મંદિરની બાજુમાં દર્શન ટ્રાન્સપોર્ટ નજીક પોતાની ટાટા આઈવા ગાડી નંબર જીજી ૭ વીડબલ્યુ ૯૯૬૩ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૨/૬/૧૫ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિપુલકુમાર પટેલે તા.૧૬/૬/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)